જિલ્લામાં રાજકીય આગેવાનોનો સરકારી બાબુઓ સામે વધતો રોષ

રદ થયેલા મત બાબતે હારેલા ઉમેદવારોને મદદ ન મળ્યાની સાર્વત્રિક ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

જિલ્લાની ૪૫૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી સંપન્ન થઈ છે. મત ગણતરી દરમ્યાન હજારોની સંખ્યામાં મત રદ થતાં અનેક ઉમેદવારોની જીતની બાજી હારમાં પલ્ટાઈ છે. મત માન્ય રાખવા રાજકીય આગેવાનોની ભલામણ છતાં સરકારી બાબુઓ ટસના મસ ન થતાં જિલ્લામાં ચૂંટણી પરિણામ પછી ૧૩૦ થી વધુ ગ્રામ પંચાયતોમાં હારેલા સરપંચ-વોર્ડ ઉમેદવારોમાં રાજકીય આગેવાનો અને સરકારી બાબુઓ સામે રોષ સ્પષ્ટ જોવા મળ્યો છે. રાજકીય પક્ષ માટે જાત ઘસી નાખી અને જરૂર પડી ત્યારે મદદ કરવાના બદલે મોબાઈલ ઉપાડવાનું બંધ કર્યાના પણ આરોપ લાગ્યા છે.

જિલ્લાની મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોમાં તા.૧૯ ડિસેમ્બરે મતદાન યોજાયું. સરેરાશ ૭૭ ટકા કરતાં પણ વધુ મતદાનથી અનેક ઉમેદવારોની મતદારોએ ઉઘ હરામ કરી દીધી. મંગળવારે મત ગણતરી શરૂ થઈ ત્યારે પોતાના જીત પાકી તેવું ગણિત માંડીને આવેલા ઉમેદવારોને મતદારોની ભૂલના કારણે ૫ વર્ષ સુધી સત્તાથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. બેલેટ પેપરથી મતદાન યોજાયું જેમાં મતદારોને સરપંચ અને વોર્ડ બેઠક માટે અલગ અલગ બેલેટ આપવામાં આવ્યા હતા. પરંતુ અનેક મતદારોને કેવી રીતે બેલેટ પેપર ઉપર સિક્કા મારવા તેની જાણકારી અપાઈ ન હોવાથી એરોવાળા સિક્કા લગાવતાં ચૂંટણી અધિકારી દ્વારા આવા તમામ મત રદ કરાયા. કેટલાક કિસ્સાઓમાં તો ઉમેદવારોને મળેલા મત કરતાં રદ થયેલા મતની સંખ્યા અનેક ગણી વધુ હતી. જિલ્લામાં સાક્ષરતાની ગાઈ વગાડીને દુહાઈ આપવામાં આવે છે પરંતુ અભણની સાથે ભણેલાઓના મત પણ મોટી સંખ્યામાં રદ થતાં અનેક પ્રકારના સવાલ ઉભા થયા છે. કેટલાક હારેલા ઉમેદવારોએ પોતાના રાજકીય પક્ષના આગેવાનોની મદદ માગી પરંતુ માત્ર દેખાડા પૂરતી સાંત્વના મળી અને સરકારી બાબુઓને મત માન્ય ગણવા રજૂઆત કરવા જતાં આગેવાનોએ મોબાઈલ ઉપાડવાનું ટાળી દેતાં હારેલા ઉમેદવારોએ હવે મનમાં કઈ ગાંઠ વાળી છે તે કળવું મુશ્કેલ છે.

અરવલ્લીના અનેક વિસ્તારોમાં ધુમ્મસ, વાહનો હંકારવામાં મુશ્કેલી

ઠંડીની તીવ્રતા ઘટી, તાપમાનનો પારો ઉંચકાયો

બાયડ, તા. ૨૬

અરવલ્લી જિલ્લામાં શિયાળો બરાબર જામ્યો ત્યાં વાદળછાયા વાતાવરણ પછી શનિવારે પરોઢે. અનેક વિસ્તારોમાં ધુમ્મસથી ઢંકાયા હતા. ધરતી ઉપર ઉતરેલા ધુમ્મસના કારણે વાહનો હંકારવામાં મુશ્કેલી જોવા મળી. જયારે ઠંડીની તીવ્રતા એકદમ ઘટતા પ્રજાએ ગરમ વસ્ત્રો ઉતાર્યા છે. બપોરે તાપમાનનો પારો ઉંચકાતા ઓફિસ-મકાનમાં પંખા ફરતા જોવા મળ્યા.

દર વર્ષે ડિસેમ્બર મહિનામાં હવામાન કથળતું રચ્યું છે. જયારે ડિસેમ્બર મહિનાના અંતમાં આબોહવા રવી વાવેતર માટે મહત્ત્વની હોય છે. પરંતુ પાછલા ૫-૭ વર્ષથી કુદરત ખેડૂતોથી નારાજ હોય ત રીતે ડિસેમ્બરમાં હવામાન પલટાવ, ધુમ્મસ, ઠંડી ગાયબ થતી જોવા મળે છે. શનિવાર સવારથી વાતાવરણમાં ધુમ્મસના કારણે બદલાવ જોવા મળ્યો. સવારે ૯.૦૦ કલાક સુધી જિલ્લામાં અનેક વિસ્તારોમાં ધુમ્મસની હાજરી જોવા મળી. ૨૦૦ ફુટ દૂરની વસ્તુ જોવી મુશ્કેલ પડે તે રીતે ધુમ્મસ જોવા મળ્યું. ગ્રામ્ય વિસ્તારોમાં ધુમ્મસનો પ્રભાવ વધુ જોવા મળ્યો.

બાયડ શહેર - બાયડ તાલુકા મંડલ ભા.જ.પા. કાર્યકર્તાઓ માટે બે દિવસના પ્રશિક્ષણ અભ્યાસ વર્ગનો આરંભ

વેજપુરા કંપામાં શરૂ થયેલા પ્રશિક્ષણ વર્ગમાં ૧૫૦ કાર્યકર્તાઓની હાજરી

બાયડ, તા. ૨૬

બાયડ શહેર અને બાયડ તાલુકા મંડળના અપેક્ષિત ભાજપા કાર્યકર્તાઓ માટે બાયડ તાલુકાના

વજેપુરા કંપના કુંવરમાતા આશ્રમમાં ૨ દિવસ પ્રશિક્ષણ વર્ગનો શનિવારથી શુભારંભ થયો. ભાજપાના કાર્યકર્તને પ્રશિક્ષણ કરવાના આશયથી પ્રશિક્ષણ વર્ગનું આયોજન થયું. પ્રથમ સત્રમાં મોડાસાના પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર તથા બાયડ પાલિકા પૂર્વ પ્રમુખ ડૉ. શંકુતલાબેન પટેલ દ્વારા ઉપસ્થિત ભાજપા કાર્યકરોને જનસંઘથી ભાજપા સ્થાપના ઈતિહાસની તવારીખથી અવગત કરવામાં આવ્યા હતા. જયારે ભાજપના કેન્દ્ર સ્થાને સત્તા નહીં પરંતુ લોકોની સેવા કરવાનો ઉદ્દેશ્ય હોવાનું જણાવ્યું હતું. પ્રશિક્ષણ વર્ગમાં બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, બાયડ માર્કેટ યાર્ડના ચેરમેન બાબુભાઈ પટેલ, અદેસિંહ ચૌહાણ, કિસાન મોરચા પ્રમુખ અશ્વિન પટેલ, બાયડ તાલુકા ઈન્ચાર્જ યશપાલસિંહ પુવાર, જિલ્લા ભાજપા સંગઠન મહામંત્રી ભિખાજી ડામોર ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ સત્રમાં અધ્યક્ષ સ્થાને વસંતભાઈ પી. પટેલ, બાયડ તાલુકા પંચાયત પ્રમુખ મંજુલાબેન સોલંકી, કારોબારી અધ્યક્ષ શિલ્પાબેન પટેલ બિરાજાન થયા હતા.

પ્રશિક્ષણ વર્ગનું પ્રથમ દિવસે સફળ આયોજન બાયડ શહેર ભાજપા સંગઠન પ્રમુખ ઘનશ્યામ ભાઈ પટેલ (દાદા), તાલુકા સંગઠન પ્રમુખ માનસિંહ સોઢા પરમાર તથા તેમની સંગઠન દ્વારા કરવામાં આવ્યું હતું.

બાયડ જૂના બસ સ્ટેશનથી નવા બસ સ્ટેશન સુધીના માર્ગને મૃત્યુનુ કલંક

૨૨ વર્ષમાં ૫૦ જીંદગી બટકાઈ, પોલીસની નિષ્ક્રિયતા વધુ જવાબદાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

બાયડ જૂના બસ સ્ટેશનથી નવા બસ સ્ટેશન સુધીના માર્ગને મૃત્યુનું કલંક લાગ્યું છે. દર વર્ષે ૨ થી ૩ જંદગીઓ સવા કી.મી. માર્ગમાં હોમાઈ રહી છે. ૨૨ વર્ષમાં ૬૦ જીંદગી બટકાઈ પરંતુ અકસ્માતોનું પ્રમાણ ઘટે તેવા કોઈ પ્રયાસ થયા નથી. મોતના તાંડવ માટે પોલીસની નિષ્ક્રિયતાને સ્થાનિક પ્રજા વધુ જવાબદાર ગણે છે.

જિલ્લાના શહેરી વિસ્તારોમાં આડેધડ વાહન પાર્કીંગ તેમજ ફૂટપાથ ઉપર લારી-પાથરણાઓના અતિક્રમણના કારણે માર્ગ અકસ્માતોનું પ્રમાણ સતત વધી રહ્યું છે. બાયડ અને મોડાસામાં ફૂટપાથ ઉપરના હંગામી દબાણો દૂર કરવાની સૂચના છતાં તેની અમલવારી થતી નથી. જેના કારણે વર્ષો વર્ષ અકસ્માતોનું પ્રમાણ વધવાની સાથે માર્ગ અકસ્માતમાં મૃત્યુ દર ઉંચકાઈ રહ્યો છે. બાયડ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી

હીરલ અનિલભાઈ બ્રહ્મભટ્ટ ગત તા.૨૩ ડિસેમ્બર-૧૯૯૮ના રોજ શાળા છૂટ્યા પછી સાયકલ લઈને ઘર તરફ આવી રહી હતી ત્યારે બાયડ પોલીસ સ્ટેશન આગળ જ યમદૂત બનીને આવેલી એસ.ટી. બસની ટક્કરે તેનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. શાળાની છાત્રાનું મોત નિપજ્યા પછી સમગ્ર બાયડમાં હોબાળો મચી ગયો. એકાદ સપ્તાહ ટ્રાફીક નિયમન થયું અને પછી ભૂલાઈ ગયું. સ્પીડ બ્રેકરો માત્ર શોભાના ગાંઠીયારુપ બની ગયા છે અને હવે પરિસ્થિતિ એ છે કે જૂના બસ સ્ટેશન થી નવા બસ સ્ટેશન સુધીના સવા કી.મી. માર્ગ ઉપર આડેધડ પાર્કીંગ અને કાચા દબાણોના કારણે નાના વાહન ચાલકો વાહનોની ટક્કરે મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. પાછલા ૨૨ વર્ષમાં ૬૦ થી વધુ જીંદગી માર્ગ અકસ્માતમાં હોમાઈ છે ત્યારે વહીવટી તંત્રમાં સંવેદના હોય તો માર્ગ ખુલ્લો કરાવી રાહદારીઓ અને નાના વાહન ચાલકોના જીવનની રક્ષા કરે. આશ્ચર્ય વચ્ચે અસંખ્ય જીંદગીઓ મોતના મુખમાં ધકેલાઈ છતાં સદર માર્ગને અકસ્માત ઝોન જાહેર કરવાનું ભૂલાયું છે.

ફૂટપાથ અને રોડ સાઈડ લારીઓના દબાણોથી વેપારીઓ ત્રાસ્યા

બાયડના મુખ્ય માર્ગ ઉપરના ફૂટપાથ તેમજ રોડ ઉપર આડેધડ લારીઓ તથા વાહનોના પાર્કીંગના કારણે દબાણ ઉભું થયું છે જેની વેપારીઓના ધંધા-રોજગાર ઉપર વિપરીત અસર થવાની સાથે માર્ગ અકસ્માતનું પ્રમાણ વધ્યું છે. બાયડ પોલીસને સદબુદ્ધી આવે અને નડતરરુપ હંગામી દબાણ દૂર કરાવે તેવું વેપારીઓ ઈચ્છી રહ્યા છે.

રાહદારીઓને ચાલવા માટેની ફૂટપાથ પર દબાણનું અતિક્રમણ ..

બાયડમાં જૂના બસ સ્ટેશન થી નવા બસ સ્ટેશન સુધીનો માર્ગ જીવલેણ અકસ્માતોથી મોતનો માર્ગ બન્યો છે. તંત્ર દ્વારા વર્ષ-૨૦૦૮-૦૯માં નગરના સિનિયર સિટીઝન અને રાહદારીઓ માટે ફૂટપાથનું નિર્માણ થયું પરંતુ ફુટપાથ અદ્રશ્ય થઈ ગયા છે અને તેના ઉપર લારી-પાથરણાવાળાઓએ કબજો જમાવ્યો છે અને હવે તો રોડ ઉપર પણ અડીંગો જમાવવાની શરુઆત કરી છે.

બાયડના પૂર્વ ધારાસભ્ય લાલસિંહજી રહેવરની ૮મી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અપાઈ

બાયડ વિધાનસભા મતક્ષેત્રના વિકાસ માટેના તેમના યોગદાનને યાદ કરાયું

બાયડ તા.૨૬

બાયડ વિધાનસભાના સૌથી વધુ લોકપ્રિય પૂર્વ ધારાસભ્ય સ્વ.લાલસિંહજી કિશોરસિંહજી રહેવરની ૮મી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે શૈક્ષણીક સંકુલોમાં તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. બાયડ વિધાનસભા મતક્ષેત્રના વિકાસ માટે તેમને આપેલા યોગદાનને પ્રબુધ નાગરિકોએ યાદ કરી સ્વર્ગીય ધારાસભ્ય તાલુકાના પ્રજાના દિલમાં ચિરસ્થાયી હોવાનું જણાવ્યું છે.

કોઈપણ રાજનીતિકાર માટે ચુંટાયા પછી વિકાસના કામો તેમની સાચી મૂળી બની જતી હોય છે. સમગ્ર જિલ્લામાં બાયડ તાલુકો રાજકીય પ્રયોગશાળા તરીકે ઓળખાય છે. સ્વર્ગીય ધારાસભ્ય લાલસિંહજી રહેવરે બાયડ વિધાનસભાનું વર્ષ-૧૯૬૨ થી વર્ષ-૧૯૭૫ સુધી વિધાનસભા ગૃહમાં ચાર વાર પ્રતિનિધિત્વ કરીને સૌથી વધુ લોકપ્રિય ધારાસભ્ય તરીકેનું બહુમાન પણ મેળવ્યું છે. તેઓને

ગમે તેવી કપરી પરીસ્થિતિમાં પણ પોતાનો જનાધારા જાળવી રાખવામાં સફળ રહ્યા હતા. તેમના સ્વર્ગવાસને ૮ વર્ષ પુરાં થતાં નાનીબા હાઈસ્કુલ-બાયડ, વારેણા આશ્રમ શાળા, રૂપાલ શૈક્ષણિક સંકુલ સહિત અનેક શૈક્ષણિક સંકુલોમાં પૂર્વ ધારાસભ્યને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. પિતાના પગલે તેમના જ્યેષ્ઠ પુત્ર ભરતસિંહ રહેવરએ પણ છેલ્લા અનેક વર્ષોથી લોકસેવાના કામો કરી રહ્યા છે. આજે પણ બાયડ પંથકના અનેક બુજર્ગો જણાવી રહ્યા છે કે પૂર્વ ધારાસભ્ય લાલસિંહજી રહેવરની પ્રતિભા અનોખી હતી અને આવા મુઠ્ઠી ઉંચેરા માનવો બાયડ તાલુકાની પ્રજાને મળવા બહુ મુશ્કેલ છે. જાણવા મળ્યા મુજબ લાલસિંહજી રહેવર વર્ષ-૧૯૬૨, વર્ષ-૧૯૬૭, વર્ષ-૧૯૭૨ અને વર્ષ-૧૯૭૫ અમે સળંગ ચાર ટર્મ ધારાસભ્ય તરીકે ચુંટાઈને બાયડ વિધાનસભાનું પ્રતિનિધિત્વ કરવાની અનોખી સિદ્ધિ મેળવી હતી. સમગ્ર જિલ્લામાં બાયડ તાલુકો સૌથી વધુ વિકાસ કરતા તાલુકા તરીકે ઓળખાઈ રહ્યો છે તેમાં પૂર્વ ધારાસભ્યના યોગદાનને પણ ભૂલી ન શકાય.

ઉત્તર ગુજરાતમાં ૨.૮૮ લાખ હેક્ટર ઘઉ, ૨.૧૪ લાખ હેક્ટર ઘાસચારાનું વાવેતર

નબળા ચોમાસાની અસર વર્તાઈ

ઉત્તર ગુજરાતમાં રવી વાવેતરનો ધમધમાટ જોવા મળ્યો. અત્યાર સુધીમાં ૫ જિલ્લામાં ઘઉંનું ૨,૮૮,૪૧૮ હેક્ટર અને ઘાસચારાનું ૨,૧૪,૦૪૯ હેક્ટર જમીનમાં વાવેતર થયું છે. નબળા ચોમાસાના કારણે પાણીના તળ ઉંડા જઈ રહ્યાં છે. જ્યારે જળાશયોમાંથી સિમિત પાણી આપવાનું હોવાથી તેની દુરોગામી અસરો વાવેતરમાં પણ જોવા મળી રહી છે. આશ્ચર્ય વચ્ચે સૌથી વધુ દુધાળા પશુ ધરાવતા તાલુકાઓમાં ઘાસચારાનું ઓછું વાવેતર નોંધાયું છે.

ચોમાસુ નબળું રહે તો ખેડૂતો શિયાળુ ખેતી ઉપર મોટો મદાર રાખીને બેસતા હોય છે. આ વર્ષે ઉત્તર ગુજરાતમાં અન્ય જિલ્લાની સરખામણીએ ઓછા વરસાદના કારણે પ્રથમથી શિયાળુ વાવેતર ઉપર સંકટ મંડરાયું હતું તેમ છતાં રાજ્ય સરકારે ખેડૂતોના હિતને ધ્યાને રાખી જળાશયોમાં પાણીનો જથ્થો સિમિત હોવા છતાં લાભપાંચમ પછી સિંચાઈ માટે પાણી છોડવાની સૂચના આપી જેના કારણે નબળા ચોમાસા છતાં આ વર્ષે રવી પાકોનું ગત વર્ષની સરખામણીએ સરખું વાવેતર થયું છે. પરંતુ કેટલાક ખેતી પાકો ઉપરથી ખેડૂતો માં ફેરવતા હોય તેવું ચિત્ર નજર અંદાજ કરી શકાય નહીં. ખેતી કરતા ખેડૂતોએ જુવાર, મકાઈ, ધાણા, લસણ, ડુંગળી, શાકભાજીનું એકંદરે સિમિત વાવેતર કર્યું. જ્યારે પિયતનો લાભ મળતાં ખેડૂતોએ ફરી એકવાર ઘઉંનું વાવેતર કરી મોટો જુગાર ખેલ્યો છે. ૫ જિલ્લામાં અત્યાર સુધીમાં ૨,૮૮,૪૧૮ હેક્ટર જમીનમાં ઘઉંનું પિયત-બિનપિયત વાવેતર થયું છે. જ્યારે અનેક ખેડૂતોને ફડક હતી કે સિંચાઈ માટે પૂરતા પાણી નહીં મળે એટલે ઘાસચારાનું વાવેતર વધુ કર્યું. આ વર્ષે ઉત્તર ગુજરાતમાં ૨,૧૪,૦૪૯ હેક્ટર જમીનમાં ઘાસચારાનું વાવેતર થયાનું ખેતી વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે.

વાવેતર....

જિલ્લો	ઘઉંનું વાવેતર	ઘાસચારાનું વાવેતર
અરવલ્લી	૬૨,૪૬૫ હે.	૯૦૪૪ હે.
બનાસકાંઠા	૬૫,૪૦૮ હે.	૧, ૨૮, ૯૪૦ હે.
મહેસાણા	૬૨, ૫૩૩ હે.	૪૪, ૩૨૫ હે.
પાટણ	૨૬, ૮૬૦ હે.	૨૨, ૭૨૫ હે.
સાબરકાંઠા	૭૧, ૧૫૦ હે.	૯૦૧૫ હે.

ધાન્યમાં મકાઈ, જુવારનું ઓછું વાવેતર..

ઉત્તર ગુજરાતમાં રવી સીઝનની ખેતી પૂર્ણ થઈ. એકંદરે વિષમ હવામાનની સ્થિતિ છતાં ૫ જિલ્લામાં વાવેતર વિસ્તાર વધ્યો છે જેમાં ઘઉંના પાક સિવાય પૂર્ણ થયેલી ખેતીની સીઝનમાં મકાઈ અને જુવારનું ઓછું વાવેતર ચિંતાનો વિષય બન્યો છે. ઉત્તર ગુજરાતમાં પશુપાલનના કારણે ઘાસચારાનું વાવેતર વધુ થઈ રહ્યું છે તેની સામે પરંપરાગત ધાન્ય પાકના વાવેતરથી ખેડૂતો માં ફેરવી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

ડેમાઈ ગ્રામપંચાયતના બે વોર્ડમાં જીતી કલ્પનાબેન પટેલએ ઈતિહાસ રચ્યો

૧૪ જાન્યુઆરી પછી ગમે તે ૧ વોર્ડમાંથી રાજીનામું આપશે

બાયડ તા.૨૬

બાયડ તાલુકાની ડેમાઈ ગ્રામ પંચાયતમાં રસાકસી ભર્યો જંગ જામ્યો હતો ત્યારે બાયઢ હાઈસ્કુલમાં ગ્રંથપાલ તરીકે ફરજ

બજાવતાં ડેમાઈના કલ્પનાબેન ડૉ. મયંકભાઈ પટેલએ વોર્ડ નંબર-૭ અને ૧૦ માં એમ બે વોર્ડમાં ઝંપલાવ્યું હતું. જંગ રસાકસી ભર્યો હોવા છતાં મહિલા ઉમેદવારે બંને વોર્ડમાં જીત મેળવી સમગ્ર જિલ્લામાં ઈતિહાસ રચ્યો છે. ૨ વોર્ડમાં ચુંટાયા પછી ગમે એક વોર્ડમાં રાજીનામું આપવું પડે તેવી જોગવાઈ છે તે જોતાં તા.૧૪ જાન્યુઆરી પછી તેઓ ગમે તે એક વોર્ડમાંથી રાજીનામું આપશે તેમ જાણવા મળ્યું છે.

જિલ્લાની ગ્રામપંચાયતોનો ચુંટણીજંગ શાંતિ પૂર્વક સંપન્ન થયો છે. હાર-જીતના પોસ્ટમોર્ટમની શરૂઆત થઈ છે જે આગામી ૧ મહિના સુધી ચાલતા રહેશે. પરંતુ રાજકારણમાં લોકસભા, વિધાનસભા અને સરપંચપદનો જંગ જીતવો આસાન હોય છે પરંતુ વોર્ડ બેઠક જીતવી બહુ કપરી હોય છે. ભલભલા ધુરંધરો વોર્ડ બેઠકમાં ધુળ ચાટતા થઈ જાય છે. ત્યારે ડેમાઈ ગ્રામપંચાયતની મુદત પુરી થતાં ચુંટણી જાહેર થઈ, કેટલાંક વોર્ડ બિનહરીફ જાહેર થયા, કેટલાંક વોર્ડમાં ચુંટણી આવી જેમાં કલ્પનાબેન પટેલએ એકસાથે બે વોર્ડમાં ઝંપલાવી સૌને આશ્ચર્યચકિત કર્યા. તેઓ બંને વોર્ડમાં હારશે કે જીતશે તે અંગે લેખાં જોખાં શરૂ થયા. તા.૧૯ ડિસેમ્બરે મતદાન યોજાયું અને તેમનું બંને વોર્ડનું ભાવી મતપેટીમાં સીલ થયું ગત મંગળવારે પરીણામ જાહેર થતાં આશ્ચર્ય વચ્ચે બંને વોર્ડમાં જીત મેળવી ડેમાઈ તેમજ જિલ્લાની ગ્રામપંચાયતોમાં ઈતિહાસ રચ્યો છે. બે વોર્ડ જીતી ઈતિહાસ રચવા બદલ બાયડ હાઈસ્કુલના સ્ટાફ દ્વારા તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મ જયંતિ

બાયડ શહેર ભાજપા ડૉકટર સેલ દ્વારા ડાયાબિટીસ ચેક-અપ કેમ્પ યોજાયો

બાયડ, તા. ૨૬

તા.૨૫ ડીસેમ્બર, દેશના વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીના જન્મ જયંતિ નિમિત્તે બાયડ શહેર ભાજપા ડૉકટર સેલ દ્વારા ડાયાબિટીસ ચેકઅપ કેમ્પ

યોજાતાં સવારે ૮.૦૦ કલાકથી જ સી.એ. પટેલ કોમ્પલેક્ષમાં ડાયાબિટીસ તથા બી.પી. ચેકઅપ માટે મોટી સંખ્યામાં નગરજનો ઉમટ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર સમગ્ર દેશમાં તા. ૨૫ ડિસેમ્બરને ગુડ ગર્વનન્સ ડે. સુશાસન દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી. બાયડ શહેર ભાજપા ડૉકટર સેલ પ્રમુખ ડૉ. મહેન્દ્રભાઈ બી. પટેલ, ડૉ. દિપક પટેલ અને તેમની ટીમ દ્વારા પૂર્વ વડાપ્રધાનની જન્મજયંતિ નિમિત્તે ડાયાબિટીસ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું. જેમાં સવારે બાયડ શહેર ભાજપા સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, મહામંત્રી બિપીનભાઈ પ્રજાપતિ, અમૂલ ફેડરેશન ચેરમેન શામળભાઈ પટેલ, સાબર ડેરી ડિરેક્ટર સુભાષભાઈ પટેલ, રમેશભાઈ દરજી સહિત અનેક ભાજપાના આગેવાન કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. નિદાન કેમ્પમાં ૨ કલાકમાં ૧૮૦થી વધુ લોકોએ લાભ લીધો હતો.

રુદરડીમાં ખેડૂતના ઘર આગળથી પર હજારની કિંમતના કપાસની ચોરી

ઈડર તાલુકાના રુદરડી ગામે ખેડૂતના ઘર આગળથી રુ પર,૫૦૦ની કિંમતના કપાસની ચોરી થઈ છે. રાત્રિના સમયે તસ્કર કપાસ ભરેલા કોથળા ઉઠાવી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે જાદર પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે. સીમ ચોરીના બનાવ પછી હવે ખેડૂતોના ઘર આગળથી ખેતપેદાશો ચોરાઈ રહી છે. તાલુકાના રુદરડીના ખેડૂત દિપસિંહ દર્શનસિંહ ડાભીના ઘર આગળ ખેતરમાંથી વિણીને તૈયાર રાખેલ કપાસના કોથળા ખુલ્લામાં મૂકવામાં આવ્યા હતા .

અરવલ્લી જીલ્લામાં સુશાસન સપ્તાહની ઉજવણીનો પ્રારંભ

રાજ્ય સરકાર દ્વારા ભારતના પૂર્વ વડાપ્રધાનશ્રી અટલ બિહારી વાજપયજીના જન્મ જયંતિ નિમિત્તે સુશાસન સપ્તાહની તા. ૨૫ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધી ઉજવણી કરવાનું નક્કી કર્યું છે. જેમાં સુશાસન સપ્તાહ અંતર્ગત ર્ઙ્ક ર્દ્દીહિઙ્કહષ્ઠી ની ઉજવણી સંદર્ભે સમગ્ર રાજ્યમાં વિવિધ સ્થળોએ સુશાસન દિવસની ઉજવણી કરાશે.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના મોડાસાના ભામાશા હોલ ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતાના મંત્રીશ્રી પ્રદીપભાઈ પરમારની અધ્યક્ષતામાં રાજ્ય સરકારના સુશાસન સપ્તાહના પ્રથમ દિવસે ર્ઙ્ક ર્દ્દીહિઙ્કહષ્ઠી "વહીવટી સુધારણા દિન"ની ઉજવણી કરાઈ.

આ પ્રસંગે મંત્રીશ્રી પ્રદીપભાઈ પરમારે જણાવ્યું કે, ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપયીનાં જન્મદિવસને સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. મહાત્મા ગાંધીએ છેવાડાનાં માણસની પ્રગતિને પ્રાધાન્ય અને સ્વદેશી ઉદ્યોગોને મહત્વ દ્વારા મજબુત ભારતના નિર્માણની કરેલી વાત સુશાસનનો જ પાયો છે. સુશાસન એટલે એવું રાજ્ય જ્યાં વસતા દરેક નાગરિકને પૂર્ણ વિકાસની પ્રતીતિ થાય થાય એવું વાતાવરણ મળે.પ્રધાનમંત્રીશ્રી દ્વારા નીતિ નિયમમાં સુધારો લાવીને છેવાડાના માનવી સુધી સરકારની જન કલ્યાણકારી અને યોજનાકીય સુવિધાઓ પહોંચે તે માટેના કર્યોસિદ્ધ કર્યા છે. સરકારની સુશાસનની સજજતાથી છેવાડાના લોકોને વિકાસના મીઠાફળ મળી રહ્યા છે.